**અંધ અને વિકલાંગ કર્મચારીઓને પરિવહન ભથ્થા અંગે.**

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૨૦૦૦-૭૩૪-ચ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૪-૫-૨૦૦૦.

વંચાણે લીધા : ૧) ના.વિ.નો ઠરાવ ક્રમાંક : પગર-૧૦૯૮-૩૬-મ, તા. ૨૦-૦૫-૯૮.
૨) ના.વિ.નો ઠરાવ ક્રમાંક : મસભ-૨૦૦૦-૭૫-ચ, તા. ૧-૨-૨૦૦૦.

## ઠરાવ

આમુખમાં ક્રમાંક : (૧) આગળ દર્શાવેલ નાણા વિભાગના તારીખ : ૨૦-૫-૯૮ના ઠરાવની શરત નંબર- ૨(૫) ની જોગવાઇમાં આમુખમાં ક્રમાંક : (૨) આગળ દર્શાવેલ નાણા વિભાગના તારીખ : ૧-૨-૨૦૦૦ ના ઠરાવથી અંધ અને વિકલાંગ કર્મચારીઓને તેમના નિવાસસ્થાન અને કામકાજના (કચેરી) સ્થળ વચ્ચેના અંતરને ધ્યાનમાં લીધા સિવાય આવા અંધ અને વિકલાંગ કર્મચારીઓને તારીખ : ૧-૨-૨૦૦૦ થી સામાન્ય દરે જ (Single Rate) ટ્રાન્સપોર્ટ એલાઉન્સ મંજુર કરતા હુકમો કરવામાં આવેલ છે. આ હુકમો રદ કરવા વિવિધ વિકલાંગ સંગઠનો દ્વારા રજુઆતો મળેલ છે. આ બાબતે સહાનુભૂતિપૂર્વકની વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

આમુખમાં દર્શાવેલ નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : મસભ-૨૦૦૦-૭૫-ચ, તારીખ : ૧-૨-૨૦૦૦ મૂળ અસરથી (Ab initio) આથી રદ કરવામાં આવે છે. અર્થાત્ અંધ અને વિકલાંગ કર્મચારીઓને આમુખમાં ક્રમાંકઃ (૧) આગળ દર્શાવેલ તારીખ : ૨૦-૫-૯૮ના ઠરાવની જોગવાઇ અનુસાર તારીખ : ૧-૨-૨૦૦૦ થી ટ્રાન્સપોર્ટ એલાઉન્સ મળવાપાત્ર થશે તેમજ તારીખ : ૧-૨-૨૦૦૦ થી મળવાપાત્ર તફાવતની રકમ પણ ચૂકવી આપવાની રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

નીતિન મહેતા
ઉપ સચિવ,
નાણા વિભાગ

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીઓ, નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
માન. વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી,ગુજરાત વિધાન સભા, સચિવાલય, ગાંધીનગર

- સચિવશ્રી, ગુજરાત વિધાન સભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર

(પાછળ...)

- રજીસ્ટ્રાર ગુજરાત હાઇકોર્ટ, સોલા , સરખેજ રોડ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

સચિવાલયના સર્વે વિભાગો,
એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧ ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ
એકાઉન્ટન્ટ જનરલ (A &E) ગુજરાત, પો. બો. નં. ૨૨૦, રાજકોટ- ૩૬૦ ००૧
એકાઉન્ટન્ટ જનરલ (A &E) ગુજરાત, અમદાવાદ
એકાઉન્ટન્ટ જનરલ ( ઓડિટ ) ગુજરાત, એનેક્ષી બિલ્ડીંગ, પો. બો. નં. ૨૭, રાજકોટ/ અમદાવાદ
સર્વે ખાતાના વડાઓ / કચેરીના વડાઓ / કલેકટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીઓ
પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર / અમદાવાદ
સર્વે જીલ્લા તિજોરી અધિકારીઓ, / પેટા તિજોરી અધિકારીઓ.
પગાર અને હિસાબી અધિકારી, નર્મદા યોજના ગાંધીનગર / વડોદરા
સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ,
સ્થાનિક ભંડોળ હિસાબ, ડી.એ.ટી., અમદાવાદ
નિવાસી તપાસણી અધિકારી, ગાંધીનગર / અમદાવાદ
તમામ નિગમ / બોર્ડ / યુનિવર્સિટીઓ / રાજય સરકારના તમામ જાહેર સાહસો.
સર્વે માન્ય મંડળો (પંચાયત સેવાના એસોસિએશનો સહીત)
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / સર્વે શાખાઓ.
' ક '- વર્ગ ફાળવણી.

- પત્ર દ્વારા.